કોમળતા હૃદયનો ધર્મ છે અને દુર્બળતા દેહનો ધર્મ છે, કાયાને વજથી પણ વધુ મજબૂત બનાવો, અને હૃદયને પુષ્પથી પણ કોમળ બનાવો

- ધ્યાન સૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૫૭ | ૨૮ નવેમ્બર, ૨૦૧૩, ગુરૂવાર; કારતક વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




ખેલકૂદ સ્પર્ધા - સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીનો પ્રથમ ખેલકૂદ રમતોત્સવ ગાંધીનગરના આંગણે યોજાયો હતો. સ્પોર્ટસ યુનિવર્સિટી સાથે સંકળાયેલ નવ શારિરીક શિક્ષણ મહાવિદ્યાલયોના ૧૦૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દોડની રમત જોવાની પણ મજા છે.... મજા એટલા માટે છે કે જીવનનો સંદેશ આપે છે... ટ્રેક પર દોડવું... સ્પર્ધકોથી આગળ જવું... પરંતુ કોઈને પણ અથડાયા, અટવાયા, પછાડ્યા વગર પોતાની ટ્રેક ઉપર જ લક્ષ્ય સુધી તેજ ગતિએ જવું... એ જ દોડવીર કહેવાય... એ જ દોડનો વિજેતા કહેવાય અને એ જ જીવનનો સફળ માનવી કહેવાય... જીવનનું પણ આવું જ છે... કોઈને નડ્યા સિવાય કે કોઈને અડ્યા સિવાય પોતાના જીવન માર્ગ પર નિર્ધારીત લક્ષ્ય સુધી ચોક્કસ સમયમાં તેજ ગતિએ પહોંચવાનું હોય છે... (તસવીર : દિપક જાની)

# ગાંધીનગરમાં અલાયદી હાર્ટ હોસ્પિટલ બનાવાશે

## કેન્સર અને યુરોલોજીની પણ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલના અલાયદા સંકુલ બનાવવાની યોજના વિચારણા હેઠળ છે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાર્ટ, કેન્સર અને યુરોલોજીની સુપર સ્પેશીયલ સેવાઓ સાથેની અદ્યતન હોસ્પિટલ બનાવવા અંગેની ગંભીર વિચારણા રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરનો ઝડપથી વિકાસ થઈ રહ્યો છે તેમજ હૃદયરોગના દર્દીઓની સંખ્યામાં જે ઝડપથી વધારો થઈ રહ્યો છે તેને ધ્યાને લેતાં અહિ સુપર સ્પેશ્યાલીટી સાથેની અલાયદી હોસ્પિટલવ નિર્માણ કરવાની વિચારણા હાથ ધરી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જ મેડીકલ કોલેજના નિર્માણ પછી પણ જમીનની ઉપલબ્ધિ છે અને શહેરના વિકાસને ધ્યાને લઈ સરકારે ગંભીરતાથી વિચારણા હાથ ધરી છે. આ માટે આગામી બજેટમાં ખાસ જોગવાઈ કરવામાં આવશે તેવા સંકેતો પણ મળી રહ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ હૃદયરોગના દર્દીઓને સઘન સારવારની જરૂર જણાતાં અમદાવાદ ટ્રાન્સફર કરવા પડે છે અથવા તો દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે જતા હોય છે. આ પરિસ્થિતિમાં સરકારે હવે આવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલની સુવિધા ઉભી કરવાનું મુનાસિબ માન્યું છે.

મળતી વિગતો મુજબ ઉત્તર ગુજરાતના ટ્રાન્ઝીટ પોઈંટ તરીકે વિકસેલા ગાંધીનગરમાં કેન્સર અને યુરોલોજીની પણ સુપર સ્પેશ્યાલીટી સાથેની સુવિધા ધરાવતી હોસ્પિટલ માટે પણ વિચારણા કરી છે.

આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે રાજ્યના વિવિધ ઝોનોમાં સુપર સ્પેશ્યાલીટી સર્વિસીઝની હોસ્પિટલો બનાવવા બાબતના સંકેતો ચાલુ વર્ષના બજેટ દરમ્યાન આપ્યા છે જે ઉલ્લેખની છે.

# ચોમાસાના ચાર માસમાં મેલેરિયા ઘટયો પણ ડેનગ્યુ અને વાઈરલના કેસોમાં વધારો

## કોલેરાથી બે અને ડેનગ્યુથી એક દર્દીનું મોત

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ચોમાસુ આ વખતે સતત રોગચાળા સભર બની રહ્યું. જો કે આ ચોમાસા દરમિયાન મેલેરિયાના કેસો ઘટયા તો ડેનગ્યુના કેસો વધેલા જોવા મળ્યા છે. જો કે ચિકનગુનિયા એ પણ દેખા દીધી તો વાઈરલ રોગો હજુ પણ પાટનગરનો કેડો મુકતા નથી.

જિલ્લામાં આ વખતે વરસાદની મોસમે પણ મિજાજ બદલ્યો તેની સાથે સાથે રોગચાળાની સાયકલે પણ તેમાં બદલાવ કરતાં આરોગ્ય તંત્રના અધિકારીઓ પણ હજુ તેમની કામગીરીમાં વ્યસ્ત જણાઈ રહ્યા છે.

આ સિઝનમાં મેલેરિયાના કેસો ઘટયા છે જયારે ડેનગ્યુના કેસોમાં ભારે ઉછાળો નોંધાયો છે. ડેનગ્યુને પગલે એક મહિલાનું મોત પણ નિપજયું છે.

બીજી તરફ પાણી જન્ય રોગચાળાના કેસો જેવા કે કમળો, કોલેરા અને ઝાડા ઉલ્ટીના બનાવો પણ છુટા છવાયા નોંધાયા છે. આ ઉપરાંત વાઈરલ રોગચાળાને પગલે હોસ્પિટલમાં ઓપીડી સતત ઉભરાતી રહી છે. ચિકનગુનિયા જેવો વાઈરલ આ વખતે વધુ જોવા મળ્યો છે. દર્દીના ચિકનગુનિયાના ટેસ્ટમાં નેગેટીવ રિપોર્ટ મળે પણ કલીનીકલી તે ચિકનગુનિયા જણાયા છે.

ગાંધીનગર શહેરમાં પણ કોલેરાના કેસો નોંધાયા તો દહેગામમાં કોલેરાને કારણે બે ના મોત થયા હતા.

આમ ગાંધીનગરમાં આ ચોમાસાની ઋતુમાં રોગચાળાને કારણે ત્રણના મોત નીપજયા છે. આ વખતે રોગચાળામાં વાઈરલ બિમારી સૌથી વધુ જોવા મળી છે.



રોટલાની મજા - શિયાળાનું આગમનના એંધાણ, રોટલાની સોડમથી આવે છે... બાજરીના લોટથી થેપીને કલાડે ચડાવાય અને લાકડાના સીધા અગ્નિથી કલાડા પર સેકાયેલો રોટલો એક અનોખી સુગંધ અને સ્વાદ આપે છે... થેપીને ચુલે ચડાવેલો રોટલો અને ગેસની સગડી પર સેકેલો રોટલો અલગ-અલગ સ્વાદ આપે છે... લાકડાના અગ્નિથી માટીના કલાડામાં સેકાતા રોટલામાં પ્રકૃતિના બધા જ તત્વો રોટલા સાથે ભળે છે... શિયાળાની સાંજ હોય, કલાડાનો રોટલો અને છાશનો વાડકો એ જ આ શ્રમજીવી પરિવારનું ભોજન ફાઈવસ્ટાર ભોજન કરતા ચડિયાતું બને છે.... (તસવીર : દિપક જાની)

# લોકાયુક્ત પદ માટે નિવૃત્ત જજ ડી.પી. બુચની ભલામણ

## ડીપી બુચના નામને કેબિનેટની મંજુરી : નામની ભલામણ રાજ્યપાલને મોકલાઈ:રાજ્યપાલની મંજુરી બાદ નિમણૂંક

ગાંધીનગર, તા.૨૭

અત્યંત વિવાદાસ્પદ બનેલા ગુજરાતના લોકાયુક્તની ખુરશી નજીકના ભવિષ્યમાં ભરાય તેવા સંકેતો મળી રહ્યા છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત સરકારમાં લાંબા સમયથી ખાલી પડેલા લોકાયુક્તના પદ માટે ગુજરાત સરકાર દ્વારા હાઈકોર્ટના નિવૃત્ત જજ ડીપી બુચના નામની ભલામણ કરાઈ છે. લોકાયુક્ત માટે બુચાના નામને ગુજરાત રાજ્ય સરકારના કેબિનેટે મંજુરી આપી દીધી છે. હવે આ ભલામણને રાજ્યપાલ સુધી મોકલી દેવામાં આવી છે. જો રાજ્યપાલ તેના નામને મંજુરી આપી દેશે તો ડી.પી. બુચ ગુજરાતના નવા લોકાયુક્ત તરીકે નિમાઈ જશે. ગુજરાત હાઈકોર્ટના જજ પદેથી નિવૃત્ત થયેલા ડીપી બુચાનો જન્મ ૨૨ ઓગસ્ટ ૧૯૪૨ના દિવસે જુનાગઢ જિલ્લાના વેરાવળમાં થયો હતો. બુચાએ જુનાગઢની બહાઉદ્દિન કોલેજમાંથી સાયન્સમાં સ્નાતકની ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ રાજકોટની લો કોલેજમાંથી ૧૯૬૫માં કાયદાની ડિગ્રી મેળવી હતી. તેઓ ૨૨ ઓગસ્ટ ૨૦૦૪ના દિવસે ગુજરાત હાઈકોર્ટના જજ પદેથી નિવૃત્ત થયા હતા.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં લોકાયુક્તની ખુરશી છેલ્લા નવ વર્ષથી ખાલી છે. જેને લઈ વિરોધ પક્ષ દ્વારા અવારનવાર વિરોધ પ્રદર્શનો કરવામાં આવી રહ્યા હતા.

આ પહેલા ગુજરાતના રાજ્યપાલ કમલા બેનિવાલે રાજ્ય સરકારની મંજુરી લીધા વગર હાઈકોર્ટના પૂર્વ જજ અથવા નિવૃત્ત ન્યાયમૂર્તિ આરએ મહેતાની નિમણૂંક કરી હતી. જો કે રાજ્ય સરકારે તેનો વિરોધ કરી રાજ્યપાલના નિર્ણયને કોર્ટમાં પડકાર્યો હતો. આ મામલો છેક સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ગયો હતો. કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે લોકાયુક્ત તરીકે આરએ મહેતાની નિમણૂંક યથાવત રાખવા આદેશ કર્યો હતો અને રાજ્યસરકારને ઝડપથી મહેતાને લોકાયુક્ત પદે સત્તાવાર ચાર્જ સોંપવા જણાવ્યુ હતુ. જો કે લોકાયુક્ત મામલે થયેલ અફડાતફડી અને વિવાદ બાદ કંટાળેલા આરએ મહેતાએ જાતે જ રાજ્ય સરકારને પત્ર લખી પોતે લોકાયુક્ત બનવા ન ઈચ્છતા હોવાનું જણાવ્યુ હતુ. ત્યારબાદ ગુજરાતમાં લોકાયુક્તની રચનાનો મામલો ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો.

# બારકોડેડ રેશનકાર્ડ પ્રોજેક્ટની ચકાસણી માટે કેન્દ્રીય ટીમ

ગાંધીનગર, તા. ૨૭



ભારત સરકારના ઈ. ગવર્નન્સ્ ઈનોવેટીવ પ્રોજેકટસ્ના પુરસ્કારોની શોર્ટલીસ્ટમાં સ્થાન પામેલ બારકોડેડ રેશનકાર્ડ પ્રોજેકટની ચકાસણી માટે આજે ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારને અધિકારીઓએ ખૂંદ્યો હતો.

ભારત સરકારના સંયુક્ત સચિવ કક્ષાના પબ્લીક ગ્રીવન્સીલ ડિપાર્ટમેન્ટના શ્રી પી. તિવારી આજે ગાંધીનગર આવ્યા હતા. દિલ્હીથી આવેલા શ્રી તિવારી પહેલાં નાગરિક પુરવઠાના અધિકારીઓને મળ્યા હતા. આ પછી તેઓ સંયુક્ત નિયામક શ્રી આર.ડી. પાંડોરની સાથે ગાંધીનગર કલેક્ટર ઓફિસ આવી પહોંચ્યા હતા.

ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. સ્વરૂપ, અધિક નિવાસી કલેક્ટર શ્રી ડૉ. મોડિયાએ તેમનું સ્વાગત કર્યું હતું. શ્રી તિવારીએ પહેલાં જનસેવા કેન્દ્રમાં રેશનકાર્ડની અરજી કેવી રીતે સ્વીકારવામાં આવે છે તેની વિગતો મેળવી હતી.

આ પછી મામલતદાર ઓફિસમાં બારકોડેડ રેશનકાર્ડ કેવી રીતે જનરેટ કરવામાં આવે છે તેની જાણકારી મેળવી હતી. શ્રી તિવારીએ અનાજનો જથ્થો મેળવવા માટે જનરેટ કરાતી ઈ. કુપન, દુકાનદાર દ્વારા વિતરણ થયેલો જથ્થો, ગ્રાહકને તકલીફો પડે છે કે કેમ ? રેશનકાર્ડ માટે શું કિંમત વસુલવામાં આવે છે ? તેનો હિસાબ કોણ રાખે છે ? કેટલા બોગસ કાર્ડ રદ થયા ? કેટલુ અનાજ ગોડાઉનોમાંથી ઉપડે છે તે સહિત અનેકવિદ બાબતોને આવરી લેતી વિવિધ જાણકારીઓ મેળવી હતી.

શ્રી તિવારીએ તેમના હાથે લવારપુરના એક રહીશને તેનુ બારકોડેડ રેશનકાર્ડ પણ એનાયત કલેક્ટર કચેરીમાં નિદર્શન દરમ્યાન કર્યું હતું. શ્રી તિવારીએ આ પછી કુડાસણ અને સરગાસણ ગામની પણ મુલાકાત લઈ ઈ.ગ્રામ આ પ્રોજેકટમાં શું શું કામગીરી કરે છે તેની વિગતો મેળવી હતી.

તેમણે દુકાનદાર માટેની ઈ. કુપન પ્રથાને લઈ પણ જાણકારી મેળવી હતી તેમજ તેને ક્યાં સુધીમાં જથ્થો ઉપાડવાનો હેય છે ? ના ઉપાડે તો તંત્ર શું કામગીરી કરે છે કેવી રીતે વૈકલ્પિક વ્યવસ્થા છે ? વિગેરે પ્રશ્નો અધિકારીઓને કર્યા હતા.

## કલેક્ટર કચેરી અને ગાંધીનગરના બે ગામોમાં પ્રોજેક્ટ અમલીકરણની કામગીરી નિહાળી

શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ વડાપ્રધાન શ્રીના એવોર્ડ માટે સ્પર્ધામાં છે. તો રાજ્ય સરકારનો બારકોડેડ રેશનકાર્ડનો પ્રોજેક્ટ પણ શોર્ટલીસ્ટ લઈ પસંદગીમાં આગળ વધતાં સરકારના વિભાગોમાં આનંદની લાગણી છવાયેલી જોવા મળી રહી છે. રાજ્ય સરકાર આ બન્ને પ્રોજેક્ટ પંસદગી પામશે તેવો વિશ્વાસ ધરાવે છે.


